# અન્ય સમાચારો

Thursday 07, April 2022
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

### આઝાદીનાં અમૃત મહોત્સવ નિમિત્તે

## વલસાડ જિલ્લામાં ભાજપની બાઈક રેલી નીકળી



(દ.ગં.ટા. પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૬:** આઝાદીના ૭૫ અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે વલસાડ ભાજપ યુવા મોરચા દ્વારા બાઈક યાત્રા નીકળતા તેને વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા, વલસાડના ધારાસભ્ય, મહામંત્રીએ ઝંડી ફરકાવી યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

જિલ્લા મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવ્યું કે ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તેજસ્વી સૂર્યાજીની સૂચના અને માર્ગદર્શન મુજબ ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો.પ્રશાંતભાઈ કોરાટની આગેવાનીમાં ૭૫માં આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે દેશના અમૃત કાળનો સંદેશો યુવાનો સુધી પહોંચે અને યુવાનોમાં એક દેશભક્તિનું સંચાર થાય તે હેતુથી આજરોજ ભારતીય જનતા પાર્ટીના આજરોજ સ્થાપના દિવસે અમદાવાદથી યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. આ યાત્રા ગુજરાત ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તેજસ્વી સૂર્યા તેમજ પ્રદેશના મહામંત્રીઓ અમદાવાદમાં ઉપસ્થિત રહી યાત્રાને પ્રસ્થાન કરાવી હતી. વલસાડ જીલ્લા ભાજપા યુવા મોરચા દ્વારા વલસાડ જીલ્લાના વિવિધ વિધાનસભા વિસ્તારોમાં યાત્રાનું આયોજન કરવામાં આવ્યું, વલસાડ જીલ્લાના વિવિધ વિધાનસભા વિસ્તાર પ્રમાણ તારીખ ૬-૪-૨૦૨૨ થી ૯-૪-૨૦૨૨ સુધી આ યાત્રા જિલ્લામાં ફરશે. જેના ભાગરૂપે આજરોજ વલસાડ શહેર અને તાલુકા યુવા મોરચા દ્વારા બાઈક યાત્રા વલસાડ જિલ્લા ભાજપ કચેરીએથી બાઈક રેલી નીકળતા વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વલસાડ ધારાસભ્ય અને જીલ્લા મહામંત્રી કમલેશભાઈ પટેલે ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવી હતી. બાઈક રેલી નીકળતા ભાજપના કાર્યકર્તાઓ હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

## પારડીમાં દુકાનદાર મહિલાની ગઠીયો સોનાની બંગળી ઉતારી ગયો

(દ.ગં.ટા. પ્રતિનિધિ)



**પારડી, તા.૦૬ :** પારડી ચાર રસ્તા પાસે આવેલી દુકાનમાં એક અજાણ્યા વ્યક્તિ ગ્રાહક બનીને આવ્યા બાદ દુકાન ચલાવી રહેલા મહિલાને છેતરીને નાસી ગયો હતો. બે સોનાની બંગડી અને એક સોનાની ચેન લઈને નાસી ગયો હોવાની જાણ પારડી પોલીસ મહિલાએ કરી હતી. અહીં ચાર રસ્તા નજીક દુકાન ચલાવતા રમાબેન ભંડારી પાસે એક અજાણી વ્યક્તિ ગ્રાહક બનીને આવ્યો હતો અને રમાબેનને વાતોમાં ફસાવીને તેમના પાસેથી બે સોનાની બંગડી તથા એક સોનાની ચેન લઈને નાસી ગયો હતો. અચાનક રમાબેન સાથે બનેલી આ ઘટનાને પગલે રમાબેન ગભરાઈ ગયા હતાં અને પારડી પોલીસમાં આ બાબતની જાણ કરી હતી. પારડી પોલીસે આ બાબતની તપાસ હાથ ધરી છે.

## ઉદવાડામાં કાર રેલ્વેના થાંભલા સાથે અથડાતા દારૂ મળ્યો

(દ.ગં.ટા. પ્રતિનિધિ)

**પારડી, તા.૦૬:** પારડી તાલુકાના ઉદવાડા ઓરવાડ નેશનલ હાઈવે નં. ૪૮ બ્રિજ નીચે વલસાડ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન મળેલ બાતમીના આધારે દમણથી નિશાન ટેરેનો કાર નં. જીજે ૧૫ સીબી ૪૦૩૨માં દારૂનો જથ્થો લઇ જતા પોલીસે રોકવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે કારમાં બેસેલ બે ઈસમ પોલીસને જોઈ કાર લઈને સર્વિસ રોડ તરફ ભાગવાનો પ્રયાસ કરતા રેલવેના થાંભલા સાથે અથડાતા ટાયર ફાટી જતા કારમાંથી બન્ને આરોપી ભાગી છૂટ્યા હતાં. કારમાં તપાસ કરતા દારૂની બોટલ નંગ ૫૧૬ જેની કી. રૂ. ૯૯ હજાર ૬૦૦ અને કારની કી.રૂ.૩ લાખ મળી કુલ રૂ.૩ લાખ ૯૯ હજાર ૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



## વાપીમાં ભાજપનો ૪૨મો સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી

(દ.ગં.ટા. પ્રતિનિધિ)



**વાપી, તા.૦૬ :** ભારતીય જનતા પાર્ટીનાં ૪૨માં સ્થાપના દિવસ નિમિત્તે પારડીના ધારાસભ્ય તેમજ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા પોતાના મત વિસ્તારના સ્થાનિક મંડળ વાપી નોટીફાઇડ ખાતે બુથ નંબર ૧૯૦,૧૯૧,૧૯૨ તેમજ વાપી શહેર નાં બુથ ૨૧૪ ખાતે ભાજપનો ભગવો ઝંડો લગાડવાની પ્રક્રિયા કાર્યકર્તાઓ સાથે મળીને કરી.

પોતાના નિવાસ્થાને સવારે ભાજપનો ધ્વજ લગાડ્યા પછી વાપી નોટીફાઇડ મંડળની સંકલ્પ સોસાયટી, સત્યમ્ એપાર્ટમેન્ટ, શિવમ એપાર્ટમેન્ટ, રાધેશ્યામ સોસાયટી અને વાપી ટાઉન વોર્ડ નંબર ૩ની ગોકુલવિહર ટાઉનશિપ ખાતે કાર્યકર્તાઓ સાથે ધ્વજ લગાડ્યા હતાં.

ત્યારબાદ વાપી ધારાસભ્યના જન સંપર્ક કાર્યાલય ખાતે નરેન્દ્રભાઈ મોદીના લાઈક જાહેર જનતા અને કાર્યકર્તાને સંબોધિત પ્રવચનને સાથે મળી નિહાળવામાં આવ્યું. ત્યારબાદ વાપી નોટીફાઇડ મંડળનાં વિવિધ બુથ માંથી ભાજપના સક્રીય કાર્યકર્તાને કાર્ડ વિતરણ કરવામા આવ્યું હતું. આ પ્રસંગે મહામંત્રી સુધીરભાઇ સાવલિયા. વાપી કારોબારી અધ્યક્ષ મિતેશભાઈ દેસાઈ વાપી પાલિકા પૂર્વ પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ કોર્પોરેટર અર્ચનાબેન દેસાઈ, પરીક્ષિતભાઈ પટેલ, મનોજભાઈ પટેલ તેમજ બીપીનભાઈ દેસાઈ, સત્યન પંડ્યા અને હરિહરસિંહ મહીડા સહિતના સક્રિય સભ્યો , બુથ પ્રમુખ, પેજ સમિતી સભ્યો અને કાર્યકર્તા ગણ જોડાયા હતાં. તેવી જ રીતે વાપી ટાઉનમાં પણ મોડી સાંજે સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે જ્યુશ અને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## માણેકપોરમાં બે ગોળના કોલામાંથી રૂા.૧.૫૯ લાખની ચોરી

(દ.ગં.ટા. પ્રતિનિધિ)

**ચીખલી, તા.૦૬:** ચીખલી તાલુકાના માણેકપોર ગામે થોડા દિવસ અગાઉ ગોળના બે કોલામાંથી કોઈ ચોરટાઓ ડીઝલ એન્જિન, શેરડી પીલવાનો ચિચોડો એકટીવા મોટર સાયકલ, ઈલેક્ટ્રોનિક કાંટા મળી કુલ રૂપિયા ૧.૫૯ લાખની મતાની ચોરી કરી ગયા હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના માણેકપોર ગામે ઉમિયા ગોળ ફાર્મના સંચાલક અજય રમણીકલાલ હાસલિયા જેઓ તારીખ ૧૮-૩-૨૨થી ૨૩-૩-૨૦૨૨ દરમિયાન પોતાના વતન સૌરાષ્ટ્ર ગયા હતા. તે દરમિયાન કોઈ તસ્કર ગેંગે ગોળના કોલામાં રાખવામાં આવેલ ૧૬ એચપીના બે ડીઝલ એન્જિન કિંમત રૂપિયા ૫૦,૦૦૦, શેરડી પીલવાનો ગેર (ચિચોડો) નંગ ૧ જેની કિંમત રૂપિયા ૮૦ હજાર તેમજ બાજુમાં આવેલ પ્રવીણ વિઠ્ઠલભાઈ કોટડીયાના ગોળના કોલામાંથી એકટીવા મોપેડ ગાડી નંબર જીજે-૦૩-એફએમ-૭૬૪૫ જેની કિંમત રૂપિયા ૨૫ હજાર તેમજ ઈલેક્ટ્રોનિક કાંટા નં ૨ જેની કિંમત રૂા. ૪૦૦૦ મળી કુલ રૂપિયા ૧.૫૯ લાખની મતા કોઈ તસ્કર ગેંગ ઉઠાવી ગયાની ઘટના પોલીસ દફતરે નોંધાવા પામી છે. જોકે ફરિયાદીએ વારંવાર પોલીસ મથકે આવી બનાવની હકીકતથી વાકેફ કરવા છતાં પણ ફરિયાદ ન નોંધતા આખરે બે વિક બાદ ફરિયાદ નોંધી હતી.

## ધોબીતળાવના રમેશભાઈ ગુમ

**વલસાડ, તા.૦૬ :** વલસાડ તાલુકાના ધોબીતળાવ, શાપુરનગર, કબ્રસ્તાન ઈલને ભીડી ચોક ખાતે રહેતા રમેશભાઇ કેશવભાઇ વાઘરી તા.૧૩/૩/૨૨ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યાની આસપાસ ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર જતા રહયા છે. ગુમ થનારની ઉંમર ૫૨ વર્ષ, ચાઇ ૫ ફૂટ, રંગે ઘઉંવર્ણ, પાતળો બાંધો, શરીરે ભુરા કલરની ટી-શર્ટ તથા કમરે ચેકસવાળો હાફપેન્ટ પહેર્યો છે. તે અસ્થિર મગજનો છે અને તેની ડાબી બાજુની આંખ ત્રાંસી છે. જે ગુજરાતી તથા કાઠિયાવાડી ભાષા જાણે છે. આ વર્ણનવાળા વ્યક્તિની જો કોઈને ભાળ મળે તો વલસાડ સીટી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

**છેલ્લા પાનાનુ ચાલુ...**

**છેક ગોવાથી કારમાં...**

બાજુમાં બમ્પરમાં ચોર ખાનામા સંતાડીને દારૂની બાટલી નં. ૨૨૨ કિંમત રૂા. ૧.૧ લાખ કાર સહિતના મુદ્દામાલ સાથે આરોપી ગુમાનસિંહ જગસિંહ ઉર્ફે જગા રાજપુત અને હેદરશા કરીમશા ફકીર બની રહે. બનાસકાંઠાની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો ભરાવનાર લક્ષ્મી વાઈન શોપ સંચાલક રાજુભાઈ તથા દારૂ મંગાવનાર રાજકોટનો અનવરભાઈને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. આ અંગે વલસાડ એલસીબીની ટીમે વલસાડ સિટી પોલીસ મથકમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો લાવી આગળની તપાસ હાથ ધરી છે.

### CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM **OLD NAME : MANORAMA RAJU MUKHIYA TO NEW NAME : MANORDEVI RAJU MUKHIYA**, RESIDENT OF 15/ 34/A-1, FLAT NO.407, SUPREME APPARTMENT, KHARIWAD, NANI DAMAN DAMAN, DAMAN AND DIU 396210

### CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM **OLD NAME :SHAILESH TRIPATHI TO NEW NAME : SHAILESH TIWARI**, RESIDENT OF ROW HOUSE B 29 ABODE RESIDENCY, AIRPORT ROAD NANI DAMAN , DAMAN , DAMAN AND DIU - 396210

### CHANGE OF NAME

I HAVE CHANGE MY OLD NAME **VAISHALI TUSHAR PATIL** TO **NEW NAME ANITA TUSHAR PATIL** PLEASE NOTE SD- ANITA TUSHAR PATIL

### CHANGE OF NAME

I HAVE CHANGE MY OLD NAME **NANDKISHOR MANDAL** TO **NEW NAME NANDKISHOR KUMAR MANDAL** PLEASE NOTE SD- NANDKISHOR KUMAR MANDAL

### ટોકિયો ફાયનાન્સ લિમિટેડ

રજી. ઓફિસ.: પ્લોટ નં. ૩૬૩/૧ (૧,૨,૩), શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કચીગામ રોડ, દમણ, દમણ અને દીવ-૩૯૬૨૧૦
CIN: L65923DD1994PLC009783
વેબસાઈટ: www.tokyofinance.in
ફોન : +91 22-61453300
ફેક્સ : +91 22-66914499

**નોટિસ**

અત્રેથી સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯ને રેગ્યુલેશન ૪૭ સાથે વાંચવા મુજબ નોટિસ આપવામાં આવે છે કે, ૩૧મી માર્ચ ૨૦૨૨ના પૂરા થતાં ત્રૈમાસિક માટે તપાસાયેલી નાણાંકીય પરિણામો (સ્ટેન્ડઅલોન)ને મંજૂરી અને સંબંધિત કામોને સ્વીકૃતી માટે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક તા.૨૦મી એપ્રિલ ૨૦૨૨ને બુધવારે યોજાશે.
વધુ વિગતો માટે રોકાણકારો કંપનીની વેબસાઈટ www.tokyofinance.in ની મુલાકાત અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com ની પણ મુલાકાત લઈ શકે છે.

બોર્ડના હુકમથી
સહી/-
સ્થળ : મુંબઈ — હરેશ વી. શાહ
તારીખ: ૦૬/૦૪/૨૦૨૨ — ડાયરેક્ટર
ડીઆઈએન : 00008339

## પશ્ચિમ રેલ્વે બાન્દ્રા ટર્મિનસ અને જયપુર વચ્ચે વિકલી સમર સ્પેશ્યલ ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૭૨૪ | બાન્દ્રા ટર્મિનસ - જયપુર | ૧૪.૦૪.૨૦૨૨ થી ૩૦.૦૬.૨૦૨૨ | ૦૯.૩૦ કલાકે (ગુરૂ) | ૦૬.૫૫ કલાકે (બીજા દિવસે) |
| ૦૯૭૨૩ | જયપુર- બાન્દ્રા ટર્મિનસ - | ૧૩.૦૪.૨૦૨૨ થી ૨૯.૦૬.૨૦૨૨ | ૦૮.૧૦ કલાકે (બુધ) | ૦૪.૫૫ કલાકે (બીજા દિવસે) |

**રોકાણો :** બોરવલી, વાપી, સુરત, વડોદરા, રતલગામ, ચિત્તોડગઢ, ભીલવારા, મંડાલ, બીજૈનગર, નાસીરાબાદ, અજમેર અને કિશનગઢ સ્ટેશનોએ બંને દિશાઓમાં.

**સંરચના :** ફ્સ્ટ એસી, એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ એન્ડ જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ.

રોકાણના સમય અને સંયોજનો અંગે વધુ માહિતી માટે મુસાફરોને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી

ટ્રેન નં. ૦૯૭૨૪ ના બુકીંગ તા.૭મી એપ્રિલ, ૨૦૨૨ થી પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો, ખાસ ટ્રેનો તરીકે ખાસ દરોએ દોડશે.

પશ્ચિમ રેલ્વે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: twitter.com/WesternRly
Azadi Ka Amrit Mahotsav

કૃપયા તમામ રીઝર્વ્ડ ટીકીટસ માટે આઈડી પ્રૂફ સાથે રાખશો.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, દાદરા એન્ડ નગર હવેલી વિસ્તારમાં, દાદરા મધ્યે આવેલ **બીન ખેતીના સર્વે નંબર. ૨૨૩ પૈકી** વાળી જમીનમાં બાંધવામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગ જે **"સ્પાન ઈન્ડસ્ટ્રીયલ કોમ્પલેક્ષ"** તરીકે ઓળખાય છે, તેના **બી** બિલ્ડીંગના **પહેલા માળે** આવેલ **ગાળા નં. બી-૧૭,** તે ગાળા વાળી મિલકતના કાયદેસરના હાલના માલિક **M/S. SYSTEM AUTOMATION ENGINEERS (I) PVT. LTD. ના ડાયરેક્ટર MR. ASHWANI PRASAD** છે. સદરહું મિલકત **M/S. SYSTEM AUTOMATION ENGINEERS (I) PVT. LTD. ના ડાયરેક્ટર MR. ASHWANI PRASAD** એ **મે. લેન્ડમાર્ક બિલ્ડર્સ એન્ડ ડેવલીપર્સ** પાસેથી કાયદેસરના રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે, જે વેચાણ દસ્તાવેજ દાદરા એન્ડ નગર હવેલીના સબ રજી. સાહેબની કચેરીમાં **રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૯૬૮/૧૯૯૭** થી **તા.૩૦/૦૬/૧૯૯૭** ના રોજ નોંધાયેલ છે, જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની **અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગુમ યાને ગેરવલ્લે થયેલ તથા **"સ્પાન ઈન્ડસ્ટ્રીયલ કોમ્પલેક્ષ"** તરીકે ઓળખાય છે, તેના **બી** બિલ્ડીંગના **પહેલા માળે** આવેલ **ગાળા નં. બી-૩૨,** તે ગાળા વાળી મિલકતના કાયદેસરના હાલના માલિક **M/S. SYSTEM AUTOMATION ENGINEERS (I) PVT. LTD. ના ડાયરેક્ટર MR. ASHWANI PRASAD** છે. સદરહું મિલકત **M/S. SYSTEM AUTOMATION ENGINEERS (I) PVT. LTD. ના ડાયરેક્ટર MR. ASHWANI PRASAD** એ **V.R. ENGINEERING INDUSTRIES** પાસેથી કાયદેસરના રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે, જે વેચાણ દસ્તાવેજ દાદરા એન્ડ નગર હવેલીના સબ રજી. સાહેબની કચેરીમાં **રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૪૧૫/૨૦૦૦** થી **તા.૨૮/૦૯/૨૦૦૦** ના રોજ નોંધાયેલ છે, જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની **અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગુમ યાને ગેરવલ્લે થયેલ, તથા ઉપરોક્ત **ગાળા નં. બી-૩૨** વાળી મિલકત **V.R. ENGINEERING INDUSTRIES** એ **મે. લેન્ડમાર્ક બિલ્ડર્સ એન્ડ ડેવલીપર્સ** પાસેથી કાયદેસરના રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે, જે વેચાણ દસ્તાવેજ દાદરા એન્ડ નગર હવેલીના સબ રજી. સાહેબની કચેરીમાં **રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૮૯/૧૯૯૮** થી **તા.૨૦/૦૧/૧૯૯૮** ના રોજ નોંધાયેલ છે, જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની **અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી હમો પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે જેથી મજકુર મિલકતમાં કોઈ બેંક કે અન્ય ત્રાહિત વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો હોય તો તેણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી **દિન-૩** માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહિત લેખીતમાં જાણ કરવી. તેમ ન થતાં સદરહું મિલકતમાં તેવો કોઈનો કોઈ લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, સંબંધ દરદાવો નથી અને હોય તો જતો કર્યો છે તે જાણી આ નોટિસની મુદત વિત્યે હમો એડવોકેટ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહીં તેની નોંધ લેશો.

**તા. ૦૬/૦૪/૨૦૨૨**

ઓફિસ નં. ૨૦૫, ભવ્યા આર્કેડ, આયુષ હોસ્પિટલ પાસે, ને.હા.નં.૮, વાપી, તા. વાપી, જી. વલસાડ
**મોબાઈલ નં. ૯૮૨૫૧ ૨૧૯૭૮**

**સચિન એમ. ખેતિયા**
(એડવોકેટ)

## વેચાણ તથા ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જાણ કરવાની કે, હેઠળ વર્ણનમાં જણાવેલ મિલકતના માલિક મે. નાઈસપેક ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. જે કંપની ધારા-૧૯૫૬ હેઠળ નોંધાયેલ છે. જેની ઓફિસ સર્વે નં. ૨૬/૧/પૈકી ૧, નાહુલી રેલ્વે ક્રોસીંગ, વલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડ ખાતે આવેલ છે. જેઓની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલ મિલકત તેઓના કબજા, ભોગવટા, વહીવટમાં અને સરકારી રેકર્ડ દફતરે ચાલે છે. એવું જણાવી તેઓએ હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી હેઠળ વર્ણવેલ મિલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, લીયન હક્ક, સુખાધિકાર, માર્ગાધિકાર, ભરણ પોષણનો હક્ક, ગીરો, કંપની, પેઢી, શ્રોફ કે ઈઝમેન્ટ કે બોજાનો કે સંપાદનનો કે અન્ય કોઈ હક્ક હોય તો તેઓએ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી **દિન-૧૫** માં હમોને લેખીતમાં જરૂરી અને પુરતા દસ્તાવેજી પુરાવાઓ સહિત પોતાના હક્ક, દાવાઓ કે વાંધાઓ રજૂ કરવા અને જો ઉપરની મુદતમાં કોઈના કોઈપણ પ્રકારના દર વાંધાઓ આવશે નહીં તો કોઈના પણ હક્ક દાવાઓ કે વાંધાઓ નથી. અને જો તેવા હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે. તેવું સમજી હમારા અસીલ હેઠળ વર્ણવેલ મિલકત અંગેના વેચાણના વ્યવહારો પરીપુર્ણ કરાવી લેશે અને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ પણ આપવામાં આવશે. અને તે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશોજી.

**વેચાણ આપવા નક્કી કરેલ મિલકતનું વર્ણન**

વલસાડ ડિસ્ટ્રીક્ટની સબ-ડિસ્ટ્રીક્ટ વાપી તાલુકાના **મોજે કોચરવા** ગામે આવેલ **બીનખેતીના ખાતા નં.૫૬૫** વાળી નીચેના સર્વે નંબરવાળી બીનખેતીની જમીન આવેલી છે.

| સર્વે નંબર | જૂનો સર્વે નંબર | ક્ષેત્રફળ હે.-આરે-ચો.મી. | આકાર રૂા.પૈસા |
|---|---|---|---|
| ૩૫૦ | ૧૨૭/બ/પૈકી૧ | ૦-૭૦-૭૨ | ૦.૪૫ |

પૈસાવાળી મિલકત તથા તેને લાગતા વળગતા તથા તેમાં આવવા જવાનો રસ્તો, હક્ક તથા સુખાધિકાર સહિતની મિલકત.

**તા. ૦૬/૦૪/૨૦૨૨**

**ઓફિસ :** ૧૧૭, સાઈ મેજેસ્ટી, જીવનદીપ હોસ્પિટલ પાસે, ને.હા.નં.૮, વાપી, તા. વાપી, જી. વલસાડ.
**મો. નં. ૯૯૦૪૦ ૬૮૭૬૮**

**હમારા અસીલની સૂચનાથી**
**(શ્રી વિજય એમ. પટેલ)**
એડવોકેટ

### જાહેર નોટિસ

**મે. ચીખલીના પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ તથા એડિશનલ ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ચીખલી.**

**મરણ નોંધણી પરચુ. અરજી નં. ૪૪/૨૦૨૨**
**ઠરાવ તા.૩૦/૦૪/૨૦૨૨**

**અરજદાર-** **ધીરૂભાઈ શોભાનભાઈ પટેલ**
રહે. સાદડવેલ, સોનારીયા, નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારી.
**વી.શ્રી. વી.એન. પટેલ**

**વિરુધ્ધ**

**સામાવાળા- તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત સાદડવેલ, તા.ચીખલી, નવસારી.**

આથી હિત ધરાવતા પક્ષકારોને આ નોટીશથી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કામે અરજદારે તેમના **દાદીમાં** નામે **ભુલકીબેન સોનજીભાઈ પટેલ** નું **મરણ** તારીખ **૦૮/૦૫/૧૯૭૫** રોજ મોજે. **સાદડવેલ, તા.ચીખલી, જી.નવસારી** મુકામે થયેલાનું જણાવી **મરણ** રજીસ્ટરે તેની નોંધણી ઉપલબ્ધ ન હોવાથી **મરણ** સરકારી કામના હેતુ માટે જરૂર હોય તે માટે હુકમ મેળવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેની સામે જે કોઈને વાંધો રજૂ કરવા હોય તેમણે **મુદત તારીખ: ૩૦/૦૪/૨૦૨૨** ના રોજ અગર તે પહેલા અત્રેની કોર્ટમાં વાંધા રજૂ કરવા. અગર જો કોઈ વાંધા રજૂ ન થાય તો આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની જાહેર જનતાને નોંધ લેવી.

આજ તારીખ **૦૪** થી માહે : **એપ્રિલ** સને : ૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| આસીસ્ટન્ટ એડી. ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, ચીખલી | આસીસ્ટન્ટ એડી. ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, ચીખલી | કોર્ટનો સિક્કો | રજીસ્ટ્રાર એડી. ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, ચીખલી |

### જાહેર નોટિસ

**મે. પારડીના એડિશનલ સિવિલ જજ અને જ્યુડી. મે.જી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. પારડી, જી.વલસાડ.**

**પરચુરણ અરજી નં. ૨૦/૨૦૨૨**
**મુદત તા.૧૬/૦૪/૨૦૨૨**

અરજદાર : **રમેશભાઈ મોહનભાઈ પટેલ**
રહે. ૪૧૭, પટેલ ફળિયા, કલસર,
વાયા-ઉદવાડા (આર.એસ), તા.પારડી, જી.વલસાડ
**વ.શ્રી. બી.એમ. પટેલ**

**વિરુધ્ધ**

સામાવાળા : **તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કલસર તા.પારડી, જી.વલસાડ**

આથી તમામ સંબંધિત પક્ષકારોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર રમેશભાઈ મોહનભાઈ પટેલનાએ અત્રેની અદાલતમાં ઉપરોક્ત નંબરથી તેમના પિતા સ્વ. મોહનભાઈ મોરારભાઈ પટેલનું મરણ તારીખ ૦૪/૧૨/૨૦૧૪ના રોજે મોજે કલસર, તા.પારડી, જી.વલસાડમાં અમારા રહેવાના ઘરે મરણ થયેલ છે. જે મરણની નોંધ સરકારી દફતરે થયેલ નથી. મજકુરે તેમના પિતાના મરણના દાખલાની સરકારી કામકાજ તથા અન્ય કામકાજ અર્થે જરૂરી હોય માટે તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કલસર, તા.પારડી, જી.વલસાડની કચેરીએ કરાવવા સારૂ ઉપરોક્ત અરજીથી માંગણી કરેલ છે. આથી મરણની નોંધ થવા સામે કોઈપણ ઈસમને કોઈ વાંધો યા હરકત હોય તો તેઓએ આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી, અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૬/૦૪/૨૦૨૨ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે જાતે પોતે અગર કાયદેસરના મુખત્યાર વકીલ મારફતે હાજર રહેશો. જો તેમ કરવામાં કસૂર કરશો તો અરજદારને સાંભળી યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજરોજ તા. ૦૪મી માહે એપ્રિલ સને ૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર તથા મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|
| (ડી.એચ. સોલંકી) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | (ડી.કે. પ્રજાપતિ) રજીસ્ટાર કમ નાઝર સિવિલ કોર્ટ, પારડી |

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
Raymond, dinesh, Siyarams, DONEAR, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima, Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

સેલ.. સેલ.. સેલ..
MAYUR FOOTWEAR
AC Showroom
Lakhani SHOES, action, Paragon
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ ફોન: 241042



ટેરેસ ગળે છે ??



વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
દરેક પ્રકારના મકાનો ને આકર્ષક કલર કામ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ
81402 20205

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई



TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

### દમણગંગા ટાઈમ્સ

ડીસ્કલેમર/ સ્પષ્ટતા: વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપક